॥ હરિઃૐ ॥

# હરિઃૐ આશ્રમ, સુરતનો વાર્ષિક અહેવાલ ૨૦૧૬

પૂ. શ્રીમોટાના વ્હાલા સ્વજનો / આમંત્રિત મહેમાનો,

પૂ. શ્રીમોટાના ૭૮મા સાક્ષાત્કાર દિન રામનવમી સમૂહ મિલન સમારંભમાં આપ સૌનું સ્વાગત કરતા આનંદ અને ઉત્સાહ અનુભવીએ છીએ. આજના મિલન સમારંભમાં આશ્રમનો અહેવાલ રજૂ કરીએ છીએ.

## (૧) આશ્રમની પાયાની પ્રવૃત્તિ મૌન ઓરડાઓનું સંચાલન :

વર્ષ દરમ્યાન ૪૧૮ મૌનાર્થીએ મૌનમંદિરનો લાભ પ્રાપ્ત કર્યો છે.

| | | | |
|---|---|---|---|
| પુરૂષો ... | ૨૪૭ | ૨૧ દિવસ માટે ... | ૪૭ મૌનાર્થી |
| બહેનો ... | ૧૭૧ | ૭ દિવસ માટે ... | ૧૯૯ મૌનાર્થી |
| કુલ ... | ૪૧૮ | ૧,૨,૩ દિવસ માટે | ૧૭૨ મૌનાર્થી |
| | | કુલ ... | ૪૧૮ મૌનાર્થી |

મૌનમંદિરનું બુકિંગ - માર્ચ ૨૦૧૮ સુધી થયેલ છે.

મૌનમંદિર માટે દૈનિક ખર્ચ રૂા. ૫/- લેખે લેવામાં આવે છે.

## (૨) પૂ. શ્રીમોટાના અક્ષરદેહનું પ્રકાશન :

તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-૩-૨૦૧૬ દરમ્યાન પુસ્તક પ્રકાશનની વિગત :

(૧) સ્વજનોને સંબોધન (૩) પૂ. શ્રીમોટાના બે બોલ (૫) પ્રસન્નતા

(૨) શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ (૪) જિજ્ઞાસા

## આજે ઉત્સવ નિમિત્તે :

વર્ષ દરમ્યાન પૂ. શ્રીમોટાનું સાહિત્ય/સીડી/પેન ડ્રાઈવ/ફોટોગ્રાફસ વિગેરેનું વેચાણ રૂા. ૫,૬૨,૩૨૫/- થયું છે. જેમાં સ્વજનો તરફથી મળેલ રાહતદર - ડિસ્કાઉન્ટ સ્કીમનો નોંધપાત્ર ફાળો છે. આજે ઉત્સવમાં પણ અમને સ્વજનો તરફથી રાહત દરે વેચાણ માટે રકમ મળેલ છે. જે મુજબ પુસ્તકો/સીડી/પેન ડ્રાઈવ રાહત દરે મળશે. આપ સૌ પૂ. શ્રીમોટાના સાહિત્યની ખરીદી કરશો એ જ પ્રાર્થના.

**સ્કીમ ૧ :** રૂા. ૧૦૦૦ અને વધુ રકમના પુસ્તકની ખરીદી પર ૩૦% વટાવ જેમાં ૨૦% આશ્રમ તરફથી અને વધારાના ૧૦% સ્વજનો તરફથી મળશે.

**સ્કીમ ૨ :** અત્રે જણાવ્યા મુજબ ખાસ વટાવ કિંમતે પુસ્તકો/સીડી/પેન ડ્રાઈવ મળશે.

| | નંગ | કિંમત | રાહત દર | | નંગ | કિંમત | રાહત દર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) મૌન મંદિર શ્રેણીના ૫ પુસ્તકો | ૫ | ૧૦૦ | ૮૦ | (૭) દિવાલ કેલેન્ડર | ૧ | ૨૫ | ૧૫ |
| (૨) પૂ. શ્રીમોટા સાથે સત્સંગ શ્રેણી ભાગ ૧ થી ૮ | ૮ | ૧૧૫ | ૧૦૦ | (૮) પદ્ય પુસ્તકોનો સેટ | ૧૧ | ૧૩૫ | ૧૦૦ |
| | | | | (૯) સીડી સેટ ૧ | ૭ | ૨૦૦ | ૧૫૦ |
| (૩) લગ્ને હજો મંગલમ ૩ દાંપત્ય ભાવના ૩ | ૬ | ૧૨૦ | ૧૦૦ | (૧૦) સીડી સેટ ૨ | ૬ | ૨૦૦ | ૧૫૦ |
| | | | | (૧૧) પેન ડ્રાઈવ ભજન | | ૨૫૦ | ૨૩૦ |
| (૪) જીવન અને કાર્ય ભાગ ૧ - ૨ | ૨ | ૧૦૦ | ૮૦ | (૧૨) પેન ડ્રાઈવ વાર્તાલાપ | | ૨૫૦ | ૨૩૦ |
| (૫) ભગતમાં ભગવાન | ૧ | ૧૦૦ | ૭૦ | | | | |
| (૬) જીવનગીતા | | ૩૦ | ૧૦ | | | | |

**નોંધ :** (૧) શૈક્ષણિક સંસ્થા/જાહેર વાંચનાલય માટે પુસ્તકોના સેટ પર ૫૦% રાહત આપવામાં આવશે. આ માટે જે તે સંસ્થા/વાંચનાલયના લેટરપેડ ઉપર અરજી કરવા વિનંતી છે. (૨) ઉપરોક્ત બે સ્કીમમાંથી કોઈ પણ એક સ્કીમનો લાભ મળવાપાત્ર છે. બંને સ્કીમનો લાભ એક સાથે મળશે નહિ.

## (૩) લોક કલ્યાણના કામો :

### ● શૈક્ષણિક ક્ષેત્રે :

પૂજય શ્રીમોટાના સૂચન મુજબ આશ્રમ થકી દક્ષિણ ગુજરાતના ઊંડાણના વિસ્તારમાં આવેલ શાળાઓ / આશ્રમશાળાનાં ઓરડાઓ, રસોડા, છાત્રાલયો, અન્ય ભૌતિક સુવિધા તથા ટોયલેટ / બાથરૂમ માટેની આર્થિક સહાય જે તે સંસ્થાને કરવામાં આવે છે. આ અંગે અનુદાન આપતા પહેલા અને કામ પૂર્ણ થયે આશ્રમના પ્રતિનિધિઓ દ્વારા શાળાની રૂબરૂ મુલાકાત લેવામાં આવે છે અને કાર્ય પૂર્ણ થયા બાદ જ રકમની ચુકવણી કરવામાં આવે છે.

### ● વર્ષ દરમ્યાન સહાય કરવામાં આવેલ સંસ્થાની વિગત :

(૧) શિક્ષણના ઓરડા ૧૮ યુનિટ
(૨) રહેઠાણના છાત્રાલય ૧ યુનિટ
(૩) બાળકોના ભોજનાલય ૩ યુનિટ
(૪) શૌચાલય સુવિધા ૭ યુનિટ

પૂ. શ્રીમોટા દેહત્યાગ પછીથી તા. ૩૧-૩-૨૦૧૬ સુધીમાં રૂા. ૧૭,૫૬,૬૦,૫૯૩/- ની સહાય થકી ૯૪૦૧ શાળાના ઓરડા તેમજ અન્ય ભૌતિક સુવિધા / સાહસ એવોર્ડ અને બાળકોમાં ગુણ અને ભાવનો વિકાસ થાય તેવી યોજનાઓ અંગે તથા વૈજ્ઞાનિકો/સંશોધનકારોના રિસર્ચ અંગેના હેતુ માટે અનુદાન આપવામાં આવ્યું છે.

### ● વક્તૃત્વ સ્પર્ધા અને નિબંધ સ્પર્ધાની વિગતો

ઊંડાણના ગામડાઓની શાળામાં પૂ. શ્રીમોટાના જીવન અને કાર્યના જુદા-જુદા વિષયો પર સ્પર્ધા અને નિબંધ સ્પર્ધામાં ધો. ૪ થી ૧૨ ના બાળકોએ ભાગ લીધો છે. સ્પર્ધામાં ભાગ લેનાર પ્રથમ - દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર બાળકોને રોકડ પારિતોષિક તથા સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બાળકોને આશ્વસન ઈનામ રૂપે પૂ. શ્રીમોટાનો ફોટો / સાહિત્ય આશ્રમ તરફથી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માં આ યોજનામાં કુલ ૧૯૦ બાળકોએ ભાગ લીધો હતો. તેમને રૂા. ૧૮,૬૫૦/- ના રોકડ ઈનામોનું વિતરણ તથા રૂા. ૨,૯૭૦/- ની કિંમતના પુસ્તકો બાળકોને ભેટ આપવામાં આવ્યા છે. શાળાના કાર્યક્રમમાં આશ્રમના પ્રતિનિધીઓ હાજર રહે છે.

### ● ગુણ અને ભાવની કદર રૂપે :

હરિઃૐ આશ્રમ પ્રેરિત સુરત મહાનગરપાલિકા આયોજીત શાળાના વિદ્યાર્થીઓ માટે યોજાતી ચીમનલાલ ત્રિ. લાપસીવાલા - તરણ સ્પર્ધા તથા જશવંત પચ્ચીગર દોડ અને સાયકલ સ્પર્ધામાં ૭૯૪ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતા બાળકોને મહાનગરપાલિકા તરફથી રોકડ પારિતોષિક આપવામાં આવ્યા છે. ઉપરાંત આશ્રમ તરફથી દરેક સ્પર્ધકને પૂ. શ્રીમોટાનો ફોટો / સાહિત્ય આપવામાં આવે છે. ઉપરોક્ત બન્ને સ્પર્ધામાં આશ્રમના પ્રતિનિધિઓ હાજર રહે છે.

### ● હરિઃૐ આશ્રમ નડિયાદ-સુરત પ્રેરિત વીર સાવરકર અખિલ ભારતીય દરિયાઈ તરણ સ્પર્ધા :

હરિઃૐ આશ્રમ નડિયાદ-સુરત પ્રેરિત વીર સાવરકર અખિલ ભારતીય તરણ સ્પર્ધા ચોરવાડ થી વેરાવળ ખાતે તા.૧૮-૨-૨૦૧૬ ના રોજ યોજાઈ ગઈ જેમાં યુવકોએ ૩૨ નોટીકલ માઈલ , બહેનો ૧૬ નોટીકલ માઈલ તરવાનું હતું જેમાં ૧૫ યુવકો અને ૪ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં વિજેતાઓને રોકડ ઈનામનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પોરબંદર સ્થિત શ્રીરામ સેના સી સ્વીમીંગ કલબ આયોજીત રાષ્ટ્રીય કક્ષાની તરણ સ્પર્ધામાં વિજેતાઓને રોકડ ઈનામ રૂા. ૩૭૪૨૦/- હરિઃૐ આશ્રમ, સુરત તરફથી આપવામાં આવ્યા હતા.

- વર્ષ ૨૦૧૩ ના સમૂહ ઉત્સવના ભંડોળમાંથી નવસારી એગ્રીકલ્ચર યુનિવર્સીટીને આશ્રમ થકી જાહેર થયેલ અનુદાનના રૂા. ૩૩ લાખની ચુકવણી કરી દેવામાં આવી છે.
- સુમુલ ડેરીના વૈજ્ઞાનિકોની કદર કરતા દૂધના વધુ ઉત્પાદનના તેમના પ્રયાસોને બિરદાવવા તેમને રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ખાતે રૂા. ૧ લાખનો એવોર્ડ આજે આપવામાં આવે છે.
- રેલ્વે પોલિસ સુરતના સ્ટાફની ઉત્કૃષ્ટ સેવાઓની કદર કરતા ASI શ્રી ગજુભાઈ પટેલ અને તેમના આઠ સાથીઓ કુલ્લે નવ વ્યકિતને રૂા. ૫૫૦૦૦/- નો સાહસ વીરતા એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.
- વીર સાવરકર અખિલ ભારતીય તરણ સ્પર્ધામાં સૌથી નાની વયના ૧૪ વર્ષની ઉંમરના સુરતના તરવૈયા નિતાઈ રાંદેરીયાનું તેના સાહસ અને હિંમતનું સન્માન કરતા તેમને રૂા.૫૦૦૦/-નો એવોર્ડ પ્રદાન કરવામાં આવે છે.

## આવક–જાવક પત્રક તા.૩૧–૩–૨૦૧૬

### સરવૈયા ફંડ આવક–જાવક પત્રક / ઉપજ–ખર્ચના અનઓડિટેડ આંકડા :–

| નં. ખાતાનું નામ | ખુલતી સિલક ૧-૪-૨૦૧૫ | આવક તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-૩-૨૦૧૬ | જાવક તા.૧-૪-૨૦૧૫ થી તા.૩૧-૩-૨૦૧૬ | બંધ સિલક ૩૧-૩-૨૦૧૬ |
|---|---|---|---|---|
| ૧. કેળવણી ફંડ | ૧૬,૪૫,૨૩૨.૯૦ | ૨૫,૩૦,૦૮૮ | ૧૯,૪૦,૦૦૦ | ૨૨,૩૫,૩૨૦.૯૦ |
| ૨. આશ્રમનિભાવ ફંડ | ૧૫,૧૪,૨૩૯.૦૦ | - | ----- | ૧૫,૧૪,૨૩૯.૦૦ |
| ૩. આશ્રમ કાયમી નિભાવ ફંડ | ૫૨,૭૩,૭૬૩.૩૭ | ૩,૪૧,૩૫૫ | ૧૬,૦૦૦ | ૫૫,૯૯,૧૧૮.૩૭ |
| ૪. રસોડા ફંડ/નિભાવ ફંડ | ૧૭,૧૦,૮૦૦.૭૦ | ૭,૭૬,૯૯૯ | ૪,૯૪,૩૦૦ | ૧૯,૯૩,૪૯૯.૭૦ |
| ૫. પુસ્તક પ્રકાશન ફંડ | ૮,૨૩,૪૯૮.૦૦ | ૫,૪૬,૬૪૨ | ૪,૧૨,૫૭૩ | ૯,૫૭,૫૬૯.૦૦ |
| ૬. સમાજ કલ્યાણ પ્રવૃત્તિ ફંડ | ૨૬,૮૧,૮૧૫.૦૦ | ----- | ૨૬,૮૧,૮૧૫.૦૦ | ----- |
| ૭. રમત,કલા વીરતા એવોર્ડ ફંડ | ૪,૧૫,૦૮૧.૦૦ | ----- | ૧,૬૮,૬૦૬ | ૨,૪૬,૪૭૫.૦૦ |
| ૮. મૌલિક સંશોધન એવોર્ડ ફંડ | ૧૦,૬૫,૫૩૪.૦૦ | ૨૨,૦૦૦ | ૩,૬૮,૧૮૫ | ૭,૧૯,૩૪૯.૦૦ |
| કુલ.. | ૧,૫૧,૨૯,૯૬૩.૯૭ | ૪૨,૧૭,૦૮૫ | ૬૦,૮૧,૪૭૯ | ૧,૩૨,૬૫,૫૭૦.૯૭ |
| ઉપજ-ખર્ચ | ----- | ૧૨,૬૧,૮૮૩ | ૮,૮૯,૩૯૮ | ૩,૭૨,૪૮૫.૦૦ |
| કુલ.. | ૧,૫૧,૨૯,૯૬૩.૯૭ | ૫૪,૭૮,૯૬૮ | ૬૯,૭૦,૮૭૭ | ૧,૩૬,૩૮,૦૫૫.૯૭ |

(તા.૩૧-૩-૨૦૧૬ સુધીમાં મંજૂર કરેલ દાનની ચૂકવવા પાત્ર બાકી રકમ રૂા. ૨૨,૪૦,૦૦૦/-)

| બેંકનું નામ | આશ્રમની થાપણો | સેવિંગ્સ ખાતા |
|---|---|---|
| ૧. બેન્ક ઓફ બરોડા | ૪૩,૯૨,૬૫૬/- | ૨,૬૧,૨૧૧.૯૯ |
| ૨. દેના બેન્ક | ૫૦,૦૦,૦૦૦/- | ૧,૦૨,૩૯૭.૪૯ |
| ૩. બેન્ક ઓફ બરોડા (ફોરેન ડોનેશન) | ----- | ૧,૦૩,૪૪૫.૭૮ |
| ૪. મ્યુચઅલ ફંડ એસ.બી.આઈ. | ૨૦,૦૦,૦૦૦/- | ----- |
| | ૧,૧૩,૯૨,૬૫૬/- | ૪,૬૭,૦૫૫.૨૬ |

**નોંધ :** (૧) પૂ. શ્રીમોટાના ભાવિકજનોએ રામનવમી સાક્ષાત્કાર દિન ઉત્સવની ઉજવણી માટે યજમાન તરીકે પોતાના નામની નોંધણી આગામી વર્ષ ૨૦૨૬ સુધી કરાવી દીધી છે.

(૨) આશ્રમના કાર્યક્રમ તથા પ્રવૃત્તિની માહિતી સૌ સ્વજનોને મોબાઈલ ફોન પર SMS થી મળતી રહે તેવું આયોજન છે. તે માટે કાઉન્ટર ઉપર નોંધણી રજીસ્ટર રાખવામાં આવ્યા છે. આપનું નામ, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈ.ડી. સ્વચ્છ સુવાચ્ય અક્ષરે રજીસ્ટરમાં નોંધ કરવા વિનંતી છે.

## આભાર દર્શન :

- સૌ પ્રથમ અમો આશ્રમમાં ૨૪ કલાક રહીને સેવા આપનાર સ્ટાફના છોકરાઓનો અંતઃકરણપૂર્વક ઘણો ઘણો આભાર માનીએ છીએ. તેઓ નિષ્ઠાપૂર્વક આશ્રમનો નિભાવ, મૌનાર્થીઓની તથા સ્વજનોની સેવા કરી રહ્યા છે.
- વર્ષ દરમ્યાન આશ્રમના સંચાલનમાં મદદ કરનાર, રસોડાની બહેનો-ભાઈઓ, ગુરુપૂર્ણિમા ઉત્સવમાં, પુસ્તક મેળામાં સેવા આપનાર સૌ સ્વજનોનો અમો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.
- પૂ. શ્રીમોટાના તમામ પુસ્તકોનું પ્રિન્ટીંગ-બાઈન્ડિંગનું કામ સાહિત્ય મુદ્રણાલય અમદાવાદના શ્રી શ્રેયસકુમાર વિષ્ણુપ્રસાદ પંડયા તથા તેમનો સમગ્ર સ્ટાફ ભકિતભાવે કરી રહ્યા છે, તેઓશ્રીની ઉત્કૃષ્ટ સેવાને કારણે જ પૂ. શ્રીમોટાના પુસ્તકો સમાજમાં ઘણી જ ઓછી કિંમતે વેચાણમાં મૂકી શકીએ છીએ. તેઓની અમૂલ્ય સેવા બદલ અમો તેઓશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ. આ ઉપરાંત પુસ્તક પ્રકાશનના કાર્યમાં મદદરૂપ થનાર તમામ વ્યકિતઓના અમો અંતઃકરણપૂર્વક આભારી છીએ.
- મુંબઈ સ્થિત શ્રી અજીતભાઈ ગાંધી પણ પૂ. શ્રીમોટાના ફોટાઓનું મુદ્રણ/ફ્રેમીંગ પડતર કિંમતે કરી રહ્યા છે. હાલમાં તેઓ પુસ્તક પ્રકાશન ક્ષેત્રે પણ સક્રિય બન્યા છે. તેમના ઉદારતાભર્યા સહકારથી જ હમો વ્યાજબી કિંમતે ફોટા/પુસ્તક ઉપલબ્ધ કરાવી શકીએ છીએ. અમો શ્રી અજીતભાઈનો પણ ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.
- અમદાવાદ સ્થિત આદરણીય શ્રી જયંતિભાઈ જાનીએ સુરત ખાતે છેલ્લા ૧૫ વર્ષથી ૧૦૭૬ જેટલી હરિઃૐ નામ સ્મરણ ધુન કરાવી છે. તેઓ પૂજય શ્રીમોટાનો નામસ્મરણનો સંદેશ ઘેર ઘેર પહોંચાડી રહ્યા છે. તેઓની અમૂલ્ય સેવાઓ બદલ અમો તેઓશ્રીનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.
- આશ્રમના પુસ્તકોમાં મુદ્રણશુધ્ધિના કાર્યમાં નિઃસ્વાર્થ સેવા આપનાર સુરત આશ્રમના ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રી જયંતીભાઈ તમાકુવાળાનો અમો ખૂબખૂબ આભાર માનીએ છીએ.
- પુસ્તક મેળામાં તેમજ ઉત્સવમાં પૂ. શ્રીમોટાનું સાહિત્યનું વધુ વેચાણ થાય તે માટે કેટલાક સ્વજનો તરફથી વેચાણ કિંમતમાં રાહત દર માટે આર્થિક સહાય પ્રાપ્ત થાય છે. અમો તે સૌ સ્વજનોના ખૂબ ખૂબ આભારી છીએ.
- હરિઃૐ આશ્રમ નડિયાદ તેમજ હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ પૂ. શ્રીમોટાના પુસ્તકોના વેચાણમાં મહત્વનો ફાળો આપી મદદરૂપ થઈ રહ્યા છે. અમો તેઓનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.
- પૂ. શ્રીમોટાના આજના ઉત્સવના યજમાન થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેવા **ગં.સ્વ. મંજુલાબેન કંચનભાઈ તથા સદ્ગત શ્રી કંચનલાલ નારણભાઈ રાણા** પરિવારનો હમો આભાર માનીએ છીએ. પૂ. શ્રીમોટાની કૃપાથી આપનો પરિવાર જીવનમાં વધુ ને વધુ પ્રગતિ કરી યશસ્વી બને અને શારિરિક તેમજ માનસિક શાંતિની ઉચ્ચ ભૂમિકા આપ સૌને પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થના પૂ.શ્રીમોટાને ચરણે કરીએ છીએ.
- પૂ. શ્રીમોટાના સૌ સ્વજનો/દાતાઓ સૌ કોઈ પોતપોતાની રીતે આશ્રમને મદદરૂપ થાય છે. લોકોના દાન વડે મૌનમંદિરોનું સંચાલન તેમજ લોક કલ્યાણના વિવિધ કાર્યો અને પુસ્તક પ્રકાશનના કાર્યો થઈ રહ્યા છે. ટ્રસ્ટી મંડળ પોતાની જવાબદારી સમજે છે અને જાગૃત છે. અમો સૌ સ્વજનોને ખૂબ નમ્રતાપૂર્વક આદરભાવે વંદન કરીએ છીએ અને સૌનો આભાર માનીએ છીએ.

**રામનવમી સાક્ષાત્કારદિન ઉત્સવ,**
**તા.૨૪-૪-૨૦૧૬, સંવત ૨૦૭૨**
**સુરત.**

Ph. : 0261-2765564 / 2771046
E-mail : hariommota1@gmail.com
Website : www.hariommota.org

**ટ્રસ્ટી મંડળ,**
**હરિઃૐ આશ્રમ**
**કુરુક્ષેત્ર મહાદેવ મંદિરની બાજુમાં,**
**કુરુક્ષેત્ર, જહાંગીરપુરા, રાંદેર,**
**સુરત-૩૯૫ ૦૦૫**